*<u>બિન સરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૧</u>*

## <u>ડોક્યુમેન્ટ વેરિફિકેશન (DV) સમયે રજુ કરવાના ગુણપત્રો/પ્રમાણપત્રો/અન્ય આધાર પુરાવાની વિગત</u>

બિન સરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૧ અન્વયે DV લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોનુ ડોક્યુમેન્ટ વેરિફીકેશન તા.૦૬/૦૩/૨૦૨૧ થી કરવામાં આવનાર છે.ઉમેદવારોને આ અંગેનો ડોક્યુમેન્ટ વેરિફીકેશન (DV)નો કોલલેટર ડાઉનલોડ કરવાની તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.પરંતુ પૂર્વ તૈયારીના ભાગરૂપે સંબંધિત ઉમેદવારોએ નીચે મુજબના ગુણપત્રો/પ્રમાણપત્રો/અન્ય આધાર પુરાવા_અસલ અને એક સ્વ:પ્રમાણિત નકલમાં એકત્રિત કરી રાખવાના રહેશે જેથી ઉમેદવારોને ડોક્યુમેન્ટ વેરિફીકેશન (DV) સમયે જરૂરી ગુણપત્રો/પ્રમાણપત્રો/અન્ય આધાર પુરાવા યોગ્ય રીતે રજુ કરી શકે અને ડોક્યુમેન્ટ વેરિફીકેશન (DV)ની પ્રક્રીયા સુચારૂ રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ થઇ શકે.

1. હાલ સરકારી/ગ્રાન્ટેડ સંસ્થામાં ફરજ બજાવતા કર્મચારીઓએ સંબંધિત નિમણુક સત્તા મંડળ પાસેથી જાહેરાતની તારીખથી અરજી કરવાની અંતિમ તારીખ દરમિયાન મેળવેલ અત્રેથી સુચવ્યા મુજબના નિયત નમૂનાનુ એન.ઓ.સી. રજુ કરવાનું રહેશે.
2. નામ/અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સોગંદનામું / સરકારી ગેઝેટની નકલ(નામમાં મોટો તફાવત હોય તેવા કિસ્સામાં) / પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ
3. જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.
4. અનામત વર્ગ (અનુ.જાતિ, અનુ.જનજાતિ, અને સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે સમક્ષ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ
5. શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સા.વ.વિ.ના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન/ મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર
6. માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ અને પ્રમાણપત્ર
7. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (ઉમેદવારો માટેની સુચનાઓમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક/ પરિશિષ્ટ- ૪ ના નમુનામા તથા સદર ભરતીની ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ તારીખનું જ) નોન ક્રિમિલિયર પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. પરિશિષ્ટ-ક/ પરિશિષ્ટ- ૪ ના વિકલ્પે અન્ય કોઇ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં. અંગ્રેજીમાં **Annexure-A** (જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે) તે માન્ય રાખવામાં આવશે નહીં. પરણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેઓની માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજુ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં.
8. **EWS** (આર્થિક રીતે નબળા) ઉમેદવારોએ સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગના તા.૧૩/૦૯/૧૯ ના ઠરાવની જોગવાઈ મુજબ પરિશિષ્ટ-ગ માં તથા સદર ભરતીની ઓનલાઇન અરજીમાં દર્શાવેલ તારીખનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
9. કમ્પ્યુટરની લાયકાત અન્વયે જે ઉમેદવારો ધોરણ – ૧૦/ધોરણ –૧૨/સ્નાતક/અનુ સ્નાતક કક્ષાએ કમ્પ્યુટર વિષય તરીકે પાસ કરેલ હોય તેવા ઉમેદવારોએ તે માર્ક્શીટ રજુ કરવી. અન્યથા સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ મુજબ સદર ભરતીની ઓનલાઇન અરજીમાં દર્શાવેલ તારીખનું પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. (ઠરાવ વેબસાઇટ પર ઉપલબ્ધ છે)
10. ટાટ પરીક્ષાની માર્કશીટ
11. શૈક્ષણિક સ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક)
12. શૈક્ષણિક સ્નાતક પદવી પ્રમાણપત્ર
13. શૈક્ષણિક સ્નાતકનું ટ્રાયલ સર્ટી
14. કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્કશીટમા માત્ર **CGPA/CPI/GRAD** દર્શાવેલ હોય તેમના માટે)
15. શૈક્ષણિક અનુસ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક)

16. શૈક્ષણિક અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર
17. શૈક્ષણિક અનુસ્નાતકનું ટ્રાયલ સર્ટી
18. કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્કશીટમા માત્ર CGPA/CPI/GRAD દર્શાવેલ હોય તેમના માટે)
19. વ્યાવસાયિક સ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક)
20. વ્યાવસાયિક સ્નાતક પદવી પ્રમાણપત્ર
21. વ્યાવસાયિક સ્નાતકનું ટ્રાયલ સર્ટી
22. કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્કશીટમા માત્ર CGPA/CPI/GRAD દર્શાવેલ હોય તેમના માટે)
23. જે કોલેજમાંથી વ્યાવસાયિક સ્નાતકની લાયકાત મેળવેલ હોય તે કોલેજ NCTE/RCI માન્ય હોવા અંગેનું પ્રમાણપત્ર
24. વ્યાવસાયિક અનુસ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક) (જો લાગુ પડતુ હોય તો)
25. વ્યાવસાયિક અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)
26. વ્યાવસાયિક અનુસ્નાતકનું ટ્રાયલ સર્ટી (જો લાગુ પડતુ હોય તો)
27. કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્કશીટમા માત્ર CGPA/CPI/GRAD દર્શાવેલ હોય તેમના માટે) (જો લાગુ પડતુ હોય તો)
28. જે કોલેજમાંથી વ્યાવસાયિક અનુસ્નાતકની લાયકાત મેળવેલ હોય તે કોલેજ NCTE/RCI માન્ય હોવા અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)
29. જે મહિલા ઉમેદવારો વિધવા મહિલા કેટેગરીનો લાભ મેળવવા ઇચ્છતા હોય તેઓએ વિધવા હોવા અંગેનુ અરજી કરવાની તારીખ પૂર્વેનુ સંબંધિત સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
30. ગુજરાત રાજ્યમાં આવેલી અને અગાઉ એસ.એન.ડી.ટી સાથે જોડાણ ધરાવતી કોલેજામાંથી વર્ષ-૨૦૧૨ પછી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોએ તે કોલેજે ગુજરાતની કોઈ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યા અંગેનો આધાર રજુ કરવાનો રહેશે. ગુજરાત રાજ્યમાં આવેલી અને અગાઉ એસ.એન.ડી.ટી સાથે જોડાણ ધરાવતી કોલેજામાંથી વર્ષ-૨૦૧૨ પછી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોએ તે કોલેજે ગુજરાતની કોઈ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યા અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.
31. ઉપરોક્ત લાયકાતો પૈકી જે લાયકાતો રાજ્ય બહારની યુનિવર્સિટિમાંથી મેળવેલ હોય તે લાયકાતો અન્વયે નીચે મુજબના આધારો રજુ કરવાના રહેશે.
    a. અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઈગ્રેશનસર્ટી) ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
    b. અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સીટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
    c. અન્ય રાજ્યની કોલેજ અથવા યુનિવર્સીટીનું બોનાફાઈડ પ્રમાણપત્ર.
    d. અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી.
    e. પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકીટ.
    f. અભ્યાસ કરેલ કોલેજ યુનિવર્સીટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ.
    g. માન. યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમીત અભ્યાસક્રમ)થી મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટારનું પ્રમાણપત્ર.
    h. ઉપરોક્ત પુરાવા સિવાયનો અન્ય કોઈ પુરાવો હોય તો તે
32. નોન ક્રિમીલીયર/ઇ.ડબલ્યુ.એસ./વિધવા પ્રમાણપત્ર તેમજ અન્ય તમામ આનુસંગિક આધાર પુરાવાઓ સરકારશ્રીના સંબંધિત ઠરાવો અને ધારાધોરણની જોગવાઇઓ મુજબ સદર ભરતીની જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખે માન્ય હોય તેવા જ પ્રમાણપત્રો/આધારો/દસ્તાવેજો ગ્રાહ્ય રાખવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

ડોક્યુમેન્ટ વેરિફીકેશન પ્રક્રીયા અન્વયે વિગતે સુચનાઓ હવે પછીથી વેબસાઇટ પર મુકવામાં આવશે.જેથી તમામ ઉમેદવારોએ નિયમિત વેબસાઇટની મુલાકાત લેવાની રહેશે.